# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત  મુ. નાની ભાખર, તા. દાંતીવાડા  ખાતે તા. ૧૮ ઓકટોબર ૨૦૨૨  ના રોજ 'મગફળી પાક' અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર,  આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. નાની ભાખર, તા. દાંતીવાડા  ખાતે તા. ૧૮ ઓકટોબર ૨૦૨૨ ના રોજ મગફળી પાક અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના વડા, નોડલ ઓફીસર(સીડ) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ. એસ. ભાણવડીયાની ઉપસ્થિતિમાં '૫૦' જેટલાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રસંગે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સહ સંશોધન નિયામકશ્રી, ડૉ. સી. કે. પટેલ; નોડલ ઓફીસર (સીડ) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. પી. એચ. પટેલ અને મેગા સીડ પ્રોજેક્ટના સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. કે. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.  સૌ પ્રથમ નોડલ ઓફીસર (સીડ) ડો. એ. એસ. ભાણવડીયાએ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' આગેની માહિતી આપી. ત્યાર બાદ આ વિસ્તારના ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ **મગફળીની નવી જાત જી. જી.  ૩૪** ની ખાસિયતો, અને ખેતી પધ્ધતિઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યાર બાદ ડો. જ્યોતિબેન દુલેરા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે, મગફળી પાકમાં રોગ વ્યવસ્થાપન અને નિયંત્રણ વિષે, પ્રો. હિતીક્ષાબેન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળીની વિવિધ જાતો વિષે, તેમજ પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળી પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન અને નિયંત્રણના વિવિધ ઉપાયો વિષે ઉંડાણપુર્વક માહિતી આપેલ.













